# ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS)

**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી કમ્પાઉન્ડ, સેક્ટર–૧૮, ગાંધીનગર.**

**ફોન:(ઓ) ૦૭૯-૨૩૨૫૭૧૮૫**

Website : gujhd.gujarat.gov.in, E-mail:dir-hd@gujarat.gov.in

(જાહેરાત ક્રમાંક:GSIDS/201819/1)

(વેબસાઇટ એડ્રેસ: **https://ojas.gujarat.gov.in**)

ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગરની આંતરિક સંવર્ગની જગ્યાઓ ઉપર અરજદારની પસંદગી કરવા માટે ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે અરજદારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૦૧-૦૫-૨૦૧૮ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૨૧-૦૫-૨૦૧૮ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક) સુધી અરજી કરવાની રહેશે. અરજદારે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો (૧૫ KB) અને સહીનો નમૂનો (૧૫ KB) સાઇઝથી વધે નહી તે રીતે જે.પી.જી. ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. અરજદારે પોતાને બધી બેઝીક શૈક્ષણિક લાયકાત, વિશેષ લાયકાત, બેઝીક અનુભવ, વધારાનો અનુભવ, નિયત ઉંમર અને ઉંમર મર્યાદામાં છુટછાટ, પરીક્ષા પધ્ધતિની વિગતો, ઓનલાઇન અરજી કરવાની પધ્ધતિ તથા પરીક્ષા ફી વગેરે અંગેની અરજી કરવાને લગતી સંપુર્ણ સુચનાઓ ઉપરોક્ત વેબસાઇટ ઉપર જોયા બાદ જ અરજદારે ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉપરોક્ત બંન્ને જગ્યાઓ માટે ફક્ત એક જ ફોર્મ ભરવાનું રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | બિન અનામત (સામાન્ય) | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત | | અનુ સુચિત જાતિ | | અનુ સુચિત જન જાતિ | | કુલ જગ્યાઓ પૈકી | | | નિયમિત પગાર ધોરણ / ફિક્સ પગાર | પગાર ધોરણ (પે મેટ્રીક્સ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા | મા. સૈ. | શા.ખો.ખાં | | | |
| | | | | | | | | | | | | પુરુષ | મહિલા | | |
| ૧ | સિનિયર પ્રોજેક્ટ એસોસિએટ કમ કન્સલટન્ટ | ૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૩૮,૦૯૦/- | ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ (લેવલ-૭) |
| ૨ | સિનિયર પ્રોજેક્ટ એસોસિએટ | ૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૩૧,૩૪૦/- | ૨૯,૨૦૦-૯૨,૩૦૦ (લેવલ-૫) |

1) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ માટે ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ બિન અનામત જગ્યા માટે અરજી કરનાર અરજદારે પોસ્ટઓફીસ (online) ખાતે રૂ.૫૦૦/- + લાગુ પડતાં પોસ્ટલ ચાર્જીસ ચલણથી રોકડમાં પરીક્ષા ફી પેટે ભરવાના રહેશે તેમજ અનામત જગ્યા માટે અરજી કરનાર જે તે શ્રેણીના અનામત વર્ગના અરજદારે પરીક્ષા ફી ના ૫૦% મુજબ રૂ.૨૫૦/- + લાગુ પડતાં પોસ્ટલ ચાર્જીસ ચલણથી રોકડમાં પરીક્ષા ફી પેટે ભરવાના રહેશે. આ અંગેનું ચલણ https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી જ ડાઉનલોડ કરવાનું રહેશે.

2) આ જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગોની જગ્યા ઉપર પસંદગી માટે ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી, નિયત કરે તેવી હેતુલક્ષી પ્રશ્નો વાળી ઓ.એમ.આર. (OMR) પધ્ધતિથી લેખિત પરીક્ષા લેવામાં આવશે. ત્યાર બાદ આ જગ્યાઓ માટે Presentation Skills/મૌખિક ઇન્ટરવ્યુ રાખવામાં આવનાર છે. તેની જાણ ઇન્ટરવ્યુ માટે લાયક ઉમેદવારોને લેખિતમાં કરવામાં આવશે.

3) ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર દ્વારા બહાર પાડેલ મેરીટમાં આવતા અરજદારોએ સરકારશ્રી દ્વારા નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી./સી.સી.સી.+ પરીક્ષા પાસ કરવી ફરજીયાત રહેશે.

4) પરીક્ષાને લગતી અન્ય સુચનાઓ વખતોવખત https://ojas.gujarat.gov.in તથા GSIDSની વેબસાઇટ https://gujhd.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે. જે બાબત અરજદારોએ સમયાંતરે ધ્યાને લેવાની રહેશે.

5) ઉમેદવારોને ચેતવણી આપવામાં આવે છે કે, ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS) ની જાહેરાત અન્વયે કેટલીક વ્યક્તિઓ નોકરી આપવાના બહાને આર્થિક શોષણ કરતાં હોય છે. તો આવી કોઇ વ્યક્તિની ચાલમાં ન ફસાવવા તથા આવી વ્યક્તિઓથી દુર રહેવાની સુચના ધ્યાને લેવા વિનંતી છે. તથા આવી વ્યક્તિઓની માહિતી ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટીને પુરી પાડવા વિનંતી છે. આ સુચનાને અવગણી આર્થિક લેવડ દેવડમાં પડનાર ઉમેદવારો/અરજદારો માટે ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર જવાબદાર રહેશે નહી.

તારીખ:

સ્થળ : ગાંધીનગર

સહી/-

નિયામક અને સભ્ય સચિવ

GSIDS, ગાંધીનગર

# ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS)

**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી કમ્પાઉન્ડ, સેક્ટર–૧૮, ગાંધીનગર.**

**ફોન:(ઓ) ૦૭૯-૨૩૨૫૭૧૮૫,**

Website : gujhd.gujarat.gov.in, E-mail:dir-hd@gujarat.gov.in

(જાહેરાત ક્રમાંક: GSIDS/201819/1)

(વેબસાઇટ એડ્રેસ: **https://ojas.gujarat.gov.in)**

ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગરની આંતરિક સંવર્ગની જગ્યાઓ ઉપર અરજદારની પસંદગી કરવા માટે ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે અરજદારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૦૧-૦૫-૨૦૧૮ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૨૧-૦૫-૨૦૧૮ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક) સુધી અરજી કરવાની રહેશે. અરજદારે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો (૧૫ KB) અને સહીનો નમૂનો (૧૫ KB) સાઇઝથી વધે નહી તે રીતે) જે.પી.જી. ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. અરજદારે પોતાને બધી બેઝીક શૈક્ષણિક લાયકાત, વિશેષ લાયકાત, બેઝીક અનુભવ, વધારાનો અનુભવ, નિયત ઉંમર અને ઉંમર મર્યાદામાં છુટછાટ, પરીક્ષા પધ્ધતિની વિગતો, ઓનલાઇન અરજી કરવાની પધ્ધતિ તથા પરીક્ષા ફી વગેરે અંગેની અરજી કરવાને લગતી સંપુર્ણ સુચનાઓ ઉપરોક્ત વેબસાઇટ ઉપર જોયા બાદ જ અરજદારે ઓનલાઇન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | બિન અનામત (સામાન્ય) | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત | | અનુ સુચિત જાતિ | | અનુ સુચિત જન જાતિ | | કુલ જગ્યાઓ પૈકી | | | નિયમિત પગાર ધોરણ / ફિક્સ પગાર | પગાર ધોરણ (પે મેટ્રીક્સ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા | પુરુષ | મહિલા | મા. સૈ. | શા.ખો.ખાં. | | | |
| | | | | | | | | | | | | પુરુષ | મહિલા | | |
| ૧ | સિનિયર પ્રોજેક્ટ એસોસિએટ કમ કન્સલટન્ટ | ૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૩૮,૦૯૦/- | ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ (લેવલ-૭) |
| ૨ | સિનિયર પ્રોજેક્ટ એસોસિએટ | ૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૩૧,૩૪૦/- | ૨૯,૨૦૦-૯૨,૩૦૦ (લેવલ-૫) |

નોંધ : મા.સૈ. માજી સૈનિક, શા.ખો.ખાં- શારીરિક ખોડ ખાંપણ

ઉપરોક્ત જગ્યાઓ ગુજરાત ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગરની આંતરિક સંવર્ગની હોઇ સંખ્યામાં વધ-ઘટ થવાની શક્યતાઓ છે, જે બાબતે ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે. બંન્ને જગ્યાઓ માટે સંયુક્ત પરીક્ષા લેવાશે.

1) ભરતી માટે જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, તથા અન્ય વિગતો :

| ૧ | જગ્યાનું નામ | | **સિનિયર પ્રોજેક્ટ એસોસિએટ કમ કન્સલટ્ન્ટ(SPAC)** |
|---|---|---|---|
| | ૧ | શૈક્ષણિક લાયકાત | The Candidate should be at least Post Graduate in Economics or Mathematics or Sociology or Statistics/ or should have Master Degree in Management (MBA) and having experience of at least one or two years in the related field. The candidates who have degree of M.Phil./Ph.D. and/or who have presented research papers in Seminars/Conferences or having teaching experience would be given preference. Well-developed IT skills will be an essential requirement. The candidate having experience of similar type of work in State Government will be given preference. |
| | ૨ | ઉંમર | અરજી કરવાની છેલ્લી તારીખના દિવસેથી ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષથી ઓછી નહી અને ૩૭ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |
| | ૩ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. |
| | ૪ | કોમ્પ્યુટરની જાણકારી | કોમ્પ્યૂટરના જ્ઞાન અંગે કોમ્પ્યૂટર કૌશલ્યની ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યૂટર કાર્યક્ષમતાની તાલીમ તથા પરીક્ષા નિયમો-૨૦૦૬ મુજબ નિયત થયેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ. |
| | ૫ | પગાર ધોરણ (પે મેટ્રીક્સ) | રૂા. ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ |
| | ૬ | પ્રથમ પાંચ વર્ષનો માસિક ફીકસ પગાર | રૂા.૩૮,૦૯૦/- |
| ૨ | જગ્યાનું નામ | | **સિનિયર પ્રોજેક્ટ એસોસિએટ (SPA)** |
| | ૧ | શૈક્ષણિક લાયકાત | The Candidate should be at least Post Graduate in Economics or Mathematics or Sociology or Statistics/ or should have Master Degree in Management (MBA). The candidates who have research or work experience in relevant field would be given preference. Well-developed IT skills will be an essential requirement. |
| | ૨ | ઉંમર | અરજી કરવાની છેલ્લી તારીખના દિવસેથી ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષથી ઓછી નહી અને ૩૭ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |
| | ૩ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. |
| | ૪ | કોમ્પ્યુટરની જાણકારી | કોમ્પ્યૂટરના જ્ઞાન અંગે કોમ્પ્યૂટર કૌશલ્યની ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યૂટર કાર્યક્ષમતાની તાલીમ તથા પરીક્ષા નિયમો-૨૦૦૬ મુજબ નિયત થયેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ. |
| | ૫ | પગાર ધોરણ (પે મેટ્રીક્સ) | રૂા.૨૯,૨૦૦-૯૨,૩૦૦ |
| | ૬ | પ્રથમ પાંચ વર્ષનો માસિક ફીકસ પગાર | રૂા.૩૧,૩૪૦/- |

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

1. **રાષ્ટ્રીયતા:-** ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઇએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબ રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

2. **ભરેલા અરજીપત્રક :-**

   1) જો ઉક્ત બંન્ને જગ્યા માટે અરજી કરવાની હોય તો પણ એક જ અરજી કરવાની રહેશે.

   2) અરજી ફી વગરની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં અને પ્રારંભિક તબક્કામાં જ રદ કરવામાં આવશે.

   3) અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય ત્યાં આવા ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને વયમર્યાદામાં કોઇ છૂટછાટ અપાશે નહી.

   4) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

   5) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા અનામત સિવાયની જગ્યા માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવાર અરજી કરી શકશે. (દા.ત., કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે, બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.) મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા સબંધિત કેટેગરી (જનરલ/એસસીબીસી/ એસટી/ એસસી) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

3. **જન્મ તારીખ :-**

   1) ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (S.L.C.C) માન્ય રાખેલ છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મ તારીખ છે. જે એસ.એસ.સી કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વસનીયતા (credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર દ્વારા લેવામાં આવશે.

   2) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઈપણ કારણસર ફેરફાર થઈ શકશે નહીં.

4. **વયમર્યાદામાં છૂટછાટ:-**

   સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક વિકલાંગ ઉમેદવારો અને સરકારી સેવામાં અગાઉથી ફરજ બજાવતા હોય તેવા કર્મચારી ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવા પાત્ર છે.

1) અરજી કરવાની છેલ્લી તારીખના દિવસેથી ઉમેદવારે ૨૧ વર્ષ પુરા કરેલા હોવા જોઇએ અને ૩૭ વર્ષ પુરા કરેલા ન હોવા જોઇએ.

2) ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના દિવસેથી ગણવામાં આવશે. ઉપલી વય મર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

3) મૂળ ગુજરાતના સા.અને.શૈ.પ.વર્ગના પુરૂષ ઉમેદવાર-પાંચ વર્ષ,

4) બિન અનામત વર્ગોના મહિલા ઉમેદવાર- પાંચ વર્ષ

5) મૂળ ગુજરાતના સા.અને.શૈ.પ.વર્ગના મહિલા ઉમેદવાર-દસ વર્ષ(આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થઇ જાય છે.)

6) શારીરિક અશક્ત (Disabled) ઉમેદવાર- દસ વર્ષ

7) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વય મર્યાદામાં છૂટછાટ માટે માજી સૈનિક ઉમેદવાર દ્વારા કરવામાં આવેલ નોકરી +3 વર્ષ એમ વિગત આપવાની રહેશે.

8) ગુજરાત સરકારના કર્મચારીઓને વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી.

9) આ જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કક્ષાના મૂળ ગુજરાતના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

10) અનામત વર્ગોના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

11) બિન અનામત તથા અનામત વર્ગો (SEBC, વિકલાંગ)ના મહિલા ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ, વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ મળશે.

12) જે સંવર્ગની જગ્યાઓમાં S.E.B.C.કેટેગરી (શા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવા S.E.B.C.કેટેગરી (શા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૧૫-૨૦૧૬ ની આવકના આધારે રાજય સરકારની નોકરી માટે (પરિશિષ્ઠ-ક/પરિશિષ્ઠ-૪ મુજબ ગુજરાતી નમૂનામાં) કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરી અનામત જગ્યાનો લાભ મળશે. (અંગ્રેજીમાં મેળવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ કોઇપણ સંજોગોમાં માન્ય ગણવામાં આવશે નહીં.) અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વય મર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

13) અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે.

5. **કોમ્પ્યુટરની જાણકારી:-**

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર

અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર /માર્કશીટ ધરાવતા હોવા જોઇએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટર બેઝીક નોલેજની પરીક્ષા સીસીસી અથવા રાજ્ય સરકાર નક્કી કરે તેવી કે તેની સમકક્ષ માન્ય સંસ્થામાંથી કરારના સમયગાળા દરમ્યાન પરીક્ષા પાસ કરવાની રહેશે.

6. **શૈક્ષણિક લાયકાત:-**

1) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી ઓનલાઇન કરવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઈએ.
2) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થા માંથી મેળવેલ હોવી જોઈએ.
3) ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી(GSIDS), ગાંધીનગર દ્વારા માંગવામાં આવે ત્યારે ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે અને ગુણપત્રક ઉપરાંત માન્ય યુનિવર્સિટિનું ડીગ્રી બાબતના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.
4) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહીં.
5) જાહેરાતમાં દર્શાવેલ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.
6) જે કિસ્સામાં ઉમેદવારના ગુણ પર્સન્ટાઇલ/ગ્રેડ પોઇન્ટમાં હોય તો પર્સન્ટેજમાં સંબંધિત યુનિવર્સિટિના નિયત ધોરણે રૂપાંતર કરી અરજી ફોર્મમાં દર્શાવવાના રહેશે. યુનિવર્સિટીનું પત્રક અવશ્ય સામેલ કરવાનું રહેશે.

7. **અનુભવ :-**

1) માંગેલ પૂર્ણ સમયનો અનુભવ, શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીથી અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીનો ગણવામાં આવશે. જરૂરી શૈક્ષણિક લાયકાત પહેલાનો અનુભવ ધ્યાને લેવામાં આવશે નહિં.
2) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.
3) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત પછીના અનુભવના પ્રમાણપત્ર તથા પ્રથમ પગાર સ્લીપ અને છેલ્લી પગાર સ્લીપ રજુ કરવાની રહેશે. અલગ-અલગ સંસ્થામાં અનુભવના

કિસ્સામાં તે સંસ્થામાં જોડાયાની પ્રથમ પગારની સ્લીપ અને છેલ્લી પગારની સ્લીપ ક્રમાનુસાર તબક્કાવાર રજુ કરવાની રહેશે.

4) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. અરજી કર્યા પછી અનુભવના નવા પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહી.

5) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદ વેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

6) સરકારશ્રીમાં ૧૧-માસના કરાર આધારિત અનુભવને ધ્યાનમાં લેવામાં આવશે.

7) પાર્ટ ટાઈમનો અનુભવ ધ્યાને લેવામાં આવશે નહિ.

8) ઉપરોક્ત જગ્યાને અનુરૂપ ગુજરાત સરકારશ્રીમાં કરેલ કામગીરીના અનુભવને અગ્રીમતા આપવામાં આવશે.

8. **અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:-**

1) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

2) અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રક અને પરિશિષ્ટમાં અચૂક આપવી.

3) ઉમેદવારે અરજીપત્રક અને પરિશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

4) અનામત વર્ગનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

5) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

6) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક) (ગુજરાતીમાં)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું હોવું જોઈએ. આ પ્રમાણપત્ર વર્ષ ૨૦૧૭-૧૮ની આવકને ધ્યાને લઈ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવું જોઈએ. અરજી સાથે પરિશિષ્ટ (ક) ના બદલે Annexure-A (અંગ્રેજીમાં) કઢાવેલ નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમકે Annexure- A કેન્દ્ર સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ-ક) અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિન અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

7) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, નિયત થયેલ ફી ભરપાઇ કરવાની રહેશે તેમજ બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવતાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

8) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.

9) અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ના થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમુનાનુ પ્રમાણપત્ર ધરાવતા ન હોય તેવા ઉમેદવારોને બિન અનામત ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે અને તેવા ઉમેદવારોને બિન અનામતની શરતો લાગુ પડશે.

10) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના પરણિત મહિલા ઉમેદવાર નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઈએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં પ્રમાણપત્ર ધરાવતા હશે તો ધ્યાને લેવામાં આવશે નહિ.

9. **માજી સૈનિક:-**

1) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વય મર્યાદામાં છૂટછાટ માટે માજી સૈનિક ઉમેદવાર દ્વારા કરવામાં આવેલ નોકરી +૩ વર્ષ એમ વિગત આપવાની રહેશે.

2) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

10. **શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો:-**

1) શારીરિક અશકતતા ધરાવતાં ઉમેદવારોએ અરજીપત્રકમાં આ વિગતો આપવાની રહેશે.

2) શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ પરંતુ ૭૫ % થી ઓછી હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશકતતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશકતતાનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (૨) શ્રવણની ખામી (૩) હલનચલન અશકતતા અથવા મગજનો લકવો તે પૈકીની કઈ શારીરિક અશકતતા છે તે દર્શાવવું.

3) જાહેરાતમાં શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં વધુમાં વધુ ૪૫ વર્ષની છૂટછાટ મળશે.

4) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: ૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-રથી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં શારીરિક અશકતતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

11. **મહિલા ઉમેદવાર:-**

સા.વ.વિનાતા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર/૧૦૯૬/૨૨/૧૩/ગ.૨(ભાગ-૧) ની જોગવાઇને ધ્યાને લઇને મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) મહિલા ઉમેદવાર સામે પુરૂષ ઉમેદવાર ધ્યાને લેવામાં આવશે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક અશકતતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

12. **વિધવા ઉમેદવાર:-**

1) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.
2) વિધવા ઉમેદવારે જો પુનઃ લગ્ન કરેલ ન હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું. અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.
3) વિધવા ઉમેદવારે પુનઃ લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોયતો અરજી સાથે પુનઃ લગ્ન કરેલ નથી તેવી એફિડેવીટ રજુ કરવાની રહેશે.
4) સામાન્ય વહિવટ વિભાગના ઠરાવા ક્રમાંક .સીઆરઆર/ ૧૦૯૬/ ૨૨૧૩/ ગ-૨,તા.૨૨.૫.૯૭ અનુસાર વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણમાં તેના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂક સમયે કે તે પહેલા પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઈએ અને ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર જ્યારે માગે તે તમામ આ બાબતના સાધનિક પુરાવાઓ અસલમાં રજુ કરવાના રહેશે.

13. **ના વાંધા પ્રમાણપત્ર:-**

1) ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગરની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/ કચેરીને અરજી કર્યાની તારીખથી દિન- ૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.
2) પ્રમાણપત્રોની ખરાઈ માટેની રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ “ના વાંધા પ્રમાણપત્ર” રજુ કરવાનું રહેશે.

14. **ગેરલાયક ઉમેદવાર:-**

ગુજરાત જાહેર સેવા આયોગ/ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ/ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

15. **ફરજિયાત નિવૃતિ, રૂખસદ, બરતરફઃ-**

ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજિયાત નિવૃતિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

16. **રમત ગમતઃ-**

એથલેટીક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટ બોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વીમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનીસ, વેઇટ લીફ્ટીંગ, રેસલીંગ, બોક્સીંગ, સાઇકલીંગ, જીમનેસ્ટીક, જુડો, રાઇફલ શુટીંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજની રમતો, ખેલકૂદમાં રાષ્ટ્રીય/ આંતર રાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારી તારીખ ૨૫-૨-૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ.૨ તથા તા-૦૧-૦૮-૧૯૯૦ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હકદાર થશે.

17. **પસંદગી પ્રક્રિયા**:

ઉપરોકત બન્ને સંવર્ગની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે સ્પર્ધાત્મક પરીક્ષા પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. ત્યાર બાદ આ જગ્યાઓ માટે Presentation Skills/મૌખિક ઇન્ટરવ્યુ રાખવામાં આવનાર છે. તેની જાણ ઇન્ટરવ્યુ માટે લાયક ઉમેદવારોને લેખિતમાં કરવામાં આવશે.

1) **લેખિત કસોટી**-ઓપ્ટીકલ માર્ક રીડીંગ (ઓએમઆર) પ્રશ્ન પેપરમાં કુલ ૫૦ પ્રશ્નોના ૧૦૦ ગુણ (દરેક પ્રશ્નના ૨ ગુણ. ખોટા જવાબ અથવા એક કરતા વધુ જવાબ માટે ૨૫% નકારાત્મક ગુણ) અને સમય એક કલાક અને બન્ને સંવર્ગની જગ્યા માટે સંયુક્ત પ્રશ્નપત્ર અને પરીક્ષા રાખવામાં આવશે.

| ભાગ | વિગત | પ્રશ્નની સંખ્યા | માર્ક્સ |
|---|---|---|---|
| ભાગ-૧ | માનવ વિકાસ અને માનવ વિકાસ સુચકાંક, સામાજિક વિકાસ, (વિકાસ કાર્યક્રમઃ ૨૦૧૮-૧૯, પરિણામલક્ષી બજેટઃ૨૦૧૮-૧૯, સામાજિક આર્થિક સમીક્ષાઃ ૨૦૧૭-૧૮ તથા ભારત સરકાર/નીતિ આયોગ, Ministry of Statistics & Programme Implementation (MoSPI), ગુજરાત સરકાર અને UNDPની વેબસાઈટ પર ઉપલબ્ધ પ્રકાશનો/માહિતી. | ૨૫ | ૫૦ |
| ભાગ-૨ | અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્રના સ્નાતક કક્ષાના માન્ય યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ અભ્યાસક્રમ | ૧૦ | ૨૦ |
| ભાગ-૩ | અંગ્રેજી ભાષા-જ્ઞાન વ્યાકરણ સહિત | ૫ | ૧૦ |
| ભાગ-૪ | સામાન્ય જ્ઞાન, બુધ્ધિ કૌશલ્ય<br>૧.સામાન્ય વિજ્ઞાન ૨. ભારતનું બંધારણ ૩. તાજેતરના મહત્વના રાષ્ટ્રીય મુદ્દાઓ /બનાવો તથા કુદરતી સંપત્તિ ૪. ગુજરાતની ભૌગોલિક બાબતો અને કુદરતી સંપત્તિ ૫. ગુજરાતની ખેતી અને ઉધોગો ૬. ખેલ જગત ૭. ગુજરાતની રાજનીતિ અને અર્થવ્યવસ્થા ૮. પંચાયતી રાજ ૯. વિવિધ ક્ષેત્રે દેશમાં મહિલાઓનો ફાળો ૧૦. મહત્વના આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ/બનાવો | ૫ | ૧૦ |
| ભાગ-૫ | કોમ્પ્યુટરના વિષય (BASIC Operating System & MS OFFICE) | ૫ | ૧૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦ |

2) આ જગ્યાઓ ભરવા માટે લાયક ઉમેદવારોની લેખિત પરીક્ષા લઈ તેમાં સફળ થયેલ ઉમેદવારના પાંચ ગણા ઉમેદવારોની પ્રોવીઝનલ મેરીટ યાદી સોસાયટીની ભરતી સમિતિ નકકી કરે તે મુજબ ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી કરી ત્યાર બાદ આ જગ્યાઓ માટે પસંદગી સમિતિ દ્વારા Presentation Skills/ મૌખિક ઇન્ટરવ્યુ લઈ લેખિત પરીક્ષા અને Presentation Skills/ મૌખિક ઇન્ટરવ્યુના કુલ મેળવેલ ગુણના આધારે આખરી મેરીટ દ્વારા પસંદગી યાદી બનાવી તેમાંથી નિમંણૂક આપવામાં આવશે.

3) જગ્યા માટેની પસંદગી માટે OMR પધ્ધતિથી પરીક્ષામાં વિધવા ઉમેદવાર હોય તો તેને મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી અપવામાં આવશે.

18. **માત્ર પ્રમાણપત્રોની ખરાઈ માટેની રૂબરૂ મુલાકાત:-**

1) રૂબરૂ મુલાકાત ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી, ગાંધીનગર(GSIDS) દ્વારા નક્કી કરેલ જગ્યાએ જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

2) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ નિયુકિત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

19. **ઉમેદવાર દ્વારા કરવામાં આવેલ ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતો આધાર પુરાવા/સાધનિક કાગળો સાથે સુસંગત ન થાય તેવા સંજોગોમાં અરજી રદ થઇ શકે છે.**

20. **નિમણૂક:-**

1) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારને ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર દ્વારા જાણ કરવામાં આવશે. ઉમેદવારોએ કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા રાજ્ય સરકાર નક્કી કરે તેવી કે તેની સમકક્ષ માન્ય સંસ્થામાંથી કરારના સમયગાળા દરમ્યાન પરીક્ષા પાસ કરવાની રહેશે

2) નિમણૂક અંગેનો કોઈપણ પત્રવ્યવહાર ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર ધ્યાને લેશે નહીં.

3) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઈપણ તબકકે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમને રજુ કરેલા પ્રમાણપત્રો ચોકકસાઈથી ખરાઈ કર્યા બાદ ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી(GSIDS), ગાંધીનગરમાં રજુ કરવાના રહેશે.

4) ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગરની કચેરી હાલ ગાંધીનગર ખાતે છે. આ જગ્યાઓ ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગરની આંતરિક સંવર્ગની હોઈ અન્ય જગ્યા પર હક દાવો અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઇ લાભો મળવાપાત્ર રહેશે નહી તેમજ Ex-gratia લાભ મેળવવા દાવો કરી શકાશે નહિ.

5) નિયત ફિક્સ પગાર/માનદ વેતન પર કોઇ પણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહિ.

21. **ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં:-**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહીં, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઈપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહીં, જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઈપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઈ ઉમેદવાર ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર દ્વારા દોષિત જાહેર થાય તો, ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે.

22. **Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત: -**

આ જાહેરાતના સંદર્ભમાં ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે, ઉમેદવાર તા.૦૧-૦૫-૨૦૧૮ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૨૧-૦૫-૨૦૧૮ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી)માં https//ojas.guj.nic.in પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

1) સૌ પ્રથમ https//ojas.guj.nic.in પર જવું.

2) Apply on Line click કરવું. આ પ્રમાણે click કરવાથી (1) More Details તથા (2) Apply Now બટન દેખાશે. સૌ પ્રથમ More Details પર click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો, અને ત્યાર બાદ Apply Now બટન કિલક કરવું.

3) તેની નીચેApply Now પર click કરવાથી Application Format દેખાશે. click Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે. તેની વિગત લખવી જેથી જરૂર જણાયે સોસાયટી ઉમેદવારને માહિતગાર કરી શકે.

4) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

5) Additional Qualification "click" કરી Additional Qualification ભરવી.

6) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp. પર "click" કરી Details ભરવી.

7) તેની નીચે "Self-declaration" માં Yes / No પર click કરવું.

8) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે.અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં સોસાયટી સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

9) જો આપની અરજીપત્રકમાં કોઈ સુધારા-વધારા કરવાના હોય તો Edit Application માં જઈને કરી શકાશે. આ સુવિધા અરજી Confirm કરતાં પહેલાં ઉપલબ્ધ છે. એક વખત **Confirm** થઈ ગયા પછી / બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

10) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર "click" કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ OK પર "click" કરો. અહીં, photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને signatureનું માપ ૨.૫ સે.મી. ઊંચાઈઅને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Format માં (15 KB) સાઈઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલ .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઈલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Browse" Button ની બાજુમાં "Upload" Button પર click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

11) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે બટન ૧ Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ, અરજી confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ સુધારો થઈ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો સોસાયટીમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirmથયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

12) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂા.૫૦૦/ - પરીક્ષા ફી +લાગુ પડતાં પોસ્ટલ સર્વિસ ચાર્જ તેમજ મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં રૂા.૨૫૦/- પરીક્ષા ફી +લાગુ પડતાં પોસ્ટલ સર્વિસ ચાર્જ તા.૨૩/૦૫/૨૦૧૮, ૧૮.૧૦ કલાક સુધીમાં ભરવાનો રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જયારે સોસાયટી દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા સોસાયટીની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

13) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવસાત, જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહી

હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

14) **અરજી ફી :**

I. સામાન્ય કેટેગરીમાં ઉમેદવારી કરતાં બિન અનામત ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં રૂા.૫૦૦/- પરીક્ષા ફી + લાગુ પડતાં પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે, અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

II. મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં રૂા.૨૫૦/- પરીક્ષા ફી +લાગુ પડતાં પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહે છે. પરંતુ અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય ત્યાં આવા ઉમેદવારો બિન અનામત જગ્યા માટે નિયત કરેલ અરજી ફી ભરીને અરજી કરી શકશે અને તેને બિન અનામત ના ધોરણો લાગુ પડશે.

III. ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારને કોઈપણ સંજોગોમાં પ્રાથમિક કસોટી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ફકત પોસ્ટઓફીસ દ્વારા જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફટથી, ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહીં, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

IV. ઉમેદવારે પોસ્ટ ઓફિસમાં ફી ભર્યા પછી ૨૪ કલાકમાં રજીસ્ટર મોબાઇલમાં મેસેજ ન આવે તો સંબંધિત પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે.

15) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબકકે રદ કરવામાં આવશે.

16) અરજીપત્રક સાથે માંગવામાં આવે ત્યારે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી(આ યાદી ફકત ઉમેદવારોને મદદ રૂપ થવા માટે છે. અર્થઘટનના પ્રસંગે જાહેરાતની જોગવાઈ તથા પરીક્ષા નિયમોની જોગવાઈ ધ્યાને લેવાની રહેશે.)

| | |
|---|---|
| ૦૧ | બન્ને જગ્યા માટે એક અરજી કરવાની રહેશે. |
| ૦૨ | એસ.એસ.સી. બોર્ડના પ્રમાણપત્રની નકલ કે જેમાં જન્મતારીખ દર્શાવેલ હોય અથવા શાળા છોડયાના S.L.C પ્રમાણપત્રની નકલ રજુ કરવાની રહેશે.) |
| ૦૩ | ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ. |
| ૦૪ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુ. જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ. |
| ૦૫ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવાર જાહેરાતમાં જણાવ્યા મુજબતા. થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ થયેલ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર પરિશિષ્ટ નમુના " ક " મુજબ ગુજરાતીમાં આવતું પ્રમાણપત્ર બીડવું. અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure - A માન્ય નથી. |
| ૦૬ | શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવાર માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ તબીબી પ્રમાણપત્રની નકલ (સા.વ.વિ.ના તા.૧.૧૨.૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ) |

| | |
|---|---|
| ૦૭ | શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક/અનુસ્નાતક પદવીના અંતિમ વર્ષનું ગુણપત્રક/પદવી પ્રમાણપત્રની નકલ. |
| ૦૮ | સક્ષમ અધિકારી દ્વારા  આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ (જેમાં સંસ્થાના લેટરપેડ ઉપર (૧) ધારણ કરેલ જગ્યા (૨) અનુભવનો સમયગાળો (૩) અનુભવનો પ્રકાર (૪) મેળવવામાં આવતાં પગાર અને ભથ્થાઓની વિગત દર્શાવેલ હોય) જો પડતું હોય તે |
| ૦૯ | સરકારી કર્મચારીના કિસ્સામાં રૂબરૂ મુલાકાતના સમયે સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ 'ના-વાંધા' પ્રમાણપત્રની નકલ અચૂક રજુ કરવાની રહેશે. અન્યથા રૂબરૂ મુલાકાતમાં પ્રવેશ મળશે નહીં. (સામાન્ય વહીવટ વિભાગના તા.૮.૧૧.૮૯ ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ |
| ૧૦ | વિધવા ઉમેદવારના કિસ્સામાં પુનઃ લગ્ન કરેલ નથી તેવું સોગંદનામું અન્યથા વિધવા ઉમેદવાર તરીકેના લાભ માટે દાવો નોંધાવી શકશે નહી. |
| ૧૧ | સરકારી પરિપત્ર મુજબનું ખેલકુદનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો) |

આ તબકકે ઉમેદવારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે અનુભવે એમ જણાય છે કે, અરજીપત્રક સાથે બિડવાના બિડાણો / પ્રમાણપત્રો વગેરે અંગે પુરતી કાળજી ઉમેદવારો દ્વારા લેવામાં આવતી હોતી નથી. ઉમેદવારોને જણાવવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કોઈક પ્રમાણપત્રો બિડવાના રહી જતા હોય છે, કે પ્રમાણપત્રો જાહેરાતમાં આપેલી સુચના મુજબના હોતા નથી. આવા પ્રસંગોએ સોસાયટીએ તેઓની અરજી રદ કરવી પડે છે. આ પ્રકારની બાબત આપના કેસમાં ન બને તે માટે અરજી, સોસાયટીમાં રજુ કરતાં પહેલાં આ અંગે પૂરતી કાળજી રાખી, ચકાસણી કરીને જ, તે અરજી સાથે આપના તરફથી રજુ કરવામાં આવે તે જોવા જણાવવામાં આવે છે.

આ  જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી(GSIDS)ને સંપૂર્ણ અધિકાર રહેશે. આ માટે કારણો આપવા ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર બંધાયેલ રહેશે નહિ.

સહી/-
નિયામક અને સભ્ય સચિવ
GSIDS, ગાંધીનગર

## પરિશિષ્ટ- ક

રાજય સરકારની નોકરીમાં / ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રજુ કરવાના પ્રમાણપત્રનો નમુનો....

..........................................................................................................................................

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ..........................................જિલ્લાના .............................. તાલુકાના ..................................................................ગામના શ્રી / કુ. ..........................................ના પુત્ર / પુત્રી .............................. જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧.૪.૭૮ ના ઠરાવ નંબર-બકર/૧૦૭૯/૧૩૭૩૪/હ. તેમજ ત્યારબાદના વખતો વખતના સુધારા / વધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી.................................................... અને / અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજયના ................................ જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તે / તેણીનો ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧.૧૧.૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક : સશય-૧૧૯૪-૧૦૯-અ સાથેના પરિશિષ્ટથી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો (ક્રિમિલેયર)ની વ્યકિત / જૂથમાં સમાવેશ થતો નથી.

તારીખ : ................................ સક્ષમ અધિકારીની સહિ,

(સીલ) હોદ્દો

----------------------------------------------

નોંધ :

ક) ઉપર દર્શાવેલ "સામાન્ય રીતે" શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ્સ એકટ, ૧૯૫૦) ની કલમ- ૨૦ જણાવ્યા મુજબનો જ રહેશે.

ખ) આવાં જાતિ પ્રમાણપત્રો રાજય સરકારના રાજયપત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવે તે કિસ્સાઓમાં આવા પ્રમાણપત્રો આ જ નમુનામાં પરંતુ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિસહીવાળા હોવા જોઈએ. (રાજયપત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા અને જિલ્લા મેજીસ્ટ્રેટ/સક્ષમ અધિકારી દ્વારા ખરાઈ કરવામાં આવેલા (એટેસ્ટેડ) પ્રમાણપત્રો પુરતાં ગણવામાં આવશે નહિ.)

## ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો

ક્રમાંક : ............................................................................ તા.............................

સા.વ.વિ.ના તા.૮.૧૧.૮૯ ના પરિપત્ર ક્રમાંકઃ એફઓ-એ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ પ્રમાણપત્ર

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી .................................................... આ ખાતામાં તા.............................થી સતત જગ્યા પર કામ કરે છે.

૨. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જયારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂક  માન્ય પધ્ધતિ દ્વારા હંગામી/કાયમી રીતે કરવામાં આવી છે.

૩. જગ્યાનું નામઃ ................................................................... (વર્ગ-.............) જે જગ્યા માટે શ્રી/શ્રીમતિ ............................................................ એ અરજી કરી છે તે ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS), ગાંધીનગર દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

(                              )

હોદ્દો

ખાતાના વડા

સ્થળ :

તારીખ :

પ્રતિ,

શ્રી....................................

.........................................

.........................................

નકલ રવાના :